પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૩ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૭, શનિવાર ; પોષ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં પડકારોની વચ્ચે પુનરાવર્તન

**વિજય રૂપાણી મુખ્યમંત્રી પદે અને નિતીનભાઈ પટેલની નાયબ મુખ્યમંત્રી પદે પુનઃ વરણી : કમલમ્ ખાતે યોજાયેલી ધારાસભ્યોની બેઠકમાં કેન્દ્રીય નિરીક્ષક અરૂણ જેટલી દ્વારા જાહેરાત કરાઈ : ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વિધિવત દરખાસ્ત મુકી જ્યારે અન્ય પાંચ ધારાસભ્યોએ સમર્થન આપ્યું : ૨૬મીએ શપથવિધિ સમારોહની શક્યતા**

અમદાવાદ, તા. ૨૨ ગુજરાતમાં નવા મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળો અને સસ્પેન્સનો આજે અંત આવ્યો હતો. વિજય રૂપાણી ઉપર વિશ્વાસ વ્યક્ત કરીને ફરી એકવાર તેમને મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપવાનો નિર્ણય કરાયો છે. વિજય રૂપાણીને મુખ્યમંત્રી તરીકે અને નીતિન પટેલને નાયબ મુખ્યમંત્રી તરીકે જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આજે અનેક પ્રકારની ઉત્સુકતા વચ્ચે ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્યોની બેઠક કમલમ ખાતે યોજાઈ હતી જેમાં સર્વસંમતિથી વિજય રૂપાણીની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીયમંત્રી અરુણ જેટલી દ્વારા આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ નેતા ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા તેમના નામનું સૂચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામે સમર્થન આપ્યું હતું. પાર્ટીમાં વાતચીત કરવાની પ્રક્રિયા જારી રાખવામાં આવી છે. પત્રકારો સાથે વાતચીતમાં અરુણ જેટલીએ કહ્યું હતું કે, જો તેમની પાસે કોઈ વિકલ્પ છે તો નામ સૂચવી શકે છે પરંતુ કોઈ નામ સુચવવામાં આવ્યા ન હતા જેથી રૂપાણી અને નીતિન પટેલ સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, શપથવિધિનો લઈને પ્રાથમિક તૈયારીઓ શરૂ કરવામાં આવી ચુકી છે. નાણામંત્રી અરુણ જેટલી અને ભાજપના જનરલ સેકેટરી સરોજ પાંડેની દેખરેખ હેઠળ ગુજરાતના નવા મુખ્યમંત્રી પસંદગી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.







● અનુસંધાન પાન-૭ પર

# આવકવેરાની મર્યાદા ૩ લાખ કરવાની તૈયારી

**પહેલી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે સામાન્ય બજેટ રજૂ કરાશે : લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારનું અંતિમ બજેટ રહેશે : ટેક્સ છુટછાટની મર્યાદાને લઇને ત્રણ દરખાસ્તો ઉપર વિચારણા : તમામ વર્ગને રાહત અપાશે**

નવી દિલ્હી,તા. ૨૨ પહેલી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે રજૂ કરવામાં આવનાર સામાન્ય બજેટમાં આ વખતે કેટલાક લોકલક્ષી પગલા લેવામાં આવનાર છે. સામાન્ય લોકો અને પગારદાર વર્ગને પણ રાહત આપવામાં આવી શકે છે. બજેટમાં ઈન્કમ ટેક્સ છુટછાટ માટેની મર્યાદા ત્રણ લાખ સુધી કરવા માટેની હિલચાલ ચાલી રહી છે. ૬૦ વર્ષથી ઉપરના અને ૮૦ વર્ષથી નીચેની વયના લોકોને કેટલીક રાહત આપવામાં આવી શકે છે. સિનિયર સિટીઝન માટે ટેક્સ છુટછાટ માટેની મર્યાદા ૩.૫૦ લાખ કરવા અને ૮૦ વર્ષથી ઉપરના લોકો માટે છુટછાટ ૫.૫૦ લાખ કરવામાં આવી શકે છે. લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકાર છેલ્લુ પૂર્ણ બજેટ રજૂ કરનાર છે. ઈન્કમ ટેક્સની છુટ માટેની મર્યાદાને વધારી દેવાની રજૂઆત કરવામાં આવી ચુકી છે. ઈન્કમટેક્સ છુટછાટને વધારી દેવા માટે ત્રણ પ્રસ્તાવ પર ચર્ચા ચાલી રહી

● અનુસંધાન પાન-૭ પર

# આદર્શ કૌભાંડમાં કોંગી નેતા અશોક ચવ્વાણને રાહત

**હાઈકોર્ટે તમામ વિગતો આપવાનો આદેશ કર્યો : અશોક ચવ્વાણ સામે કેસ ચલાવવાની મંજુરી આપવાના રાજ્યપાલના આદેશને વડી અદાલતે અંતે ફગાવી દીધો**

મુંબઈ,તા. ૨૨ ટુજી કૌભાંડમાં કોર્ટના ચુકાદાથી રાહતનો અનુભવ કરી રહેલી કોંગ્રેસ પાર્ટીને વધુ એક મોટી રાહત મળી ગઈ છે. હવે મુંબઈ હાઈકોર્ટ તરફથી રાહત મળી છે. હાઈકોર્ટે આદર્શ સોસાયટી કૌભાંડ મામલામાં કોંગ્રેસ નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્વાણ પણ કેસ ચલાવવાની મંજુરી આપવાના રાજ્યપાલના આદેશને ફગાવી દીધો છે. હાઈકોર્ટના ચુકાદા બાદ અશોક ચવ્વાણે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, રાજ્યપાલનો આ આદેશ સંપૂર્ણપણે રાજકીયરીતે પ્રેરિત અને પક્ષપાતપૂર્ણ હતો. તેઓએ ફરી એકવાર

● અનુસંધાન પાન-૭ પર

# બીકાનેર જમીન કાંડમાં વાઢેરાની મુશ્કેલી વધી

**બે નજીકના સાથીની ધરપકડ કરી લેવાઈ : જયપુર કોર્ટે બંનેને ૩૦ ડિસેમ્બર સુધી કસ્ટડીમાં મોકલ્યા**

નવીદિલ્હી, તા. ૨૨ યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની મુશ્કેલીમાં વધારો થઈ રહ્યો છે. શુક્રવારના દિવસે ઈડીએ બીકાનેરની જમીન કૌભાંડમાં બે લોકોની ધરપકડ કરી હતી. એમ માનવામાં આવે છે કે, આ બંને વાઢેરાના નજીકના સંબંધી છે. હાલમાં જયપુર કોર્ટે બંનેને ૩૦મી ડિસેમ્બર સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા છે. ઈડીના કહેવા મુજબ જયપ્રકાશ ભાર્ગવ અને અશોક કુમારને આ મામલામાં પકડી

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય







